**BRAMPTON Flower City** brampton.ca

**media release**

ફેબ્રુઆરી 1, 2018

# રિવરસ્ટોનના ભવિષ્યની શોધમાં

બ્રામ્પટન, ઓન્ટેરિયો - સીટી ઓફ બ્રામ્પટન રિવરસ્ટોન ક્લબહાઉસમાં ભાવિ કમ્યુનિટી સેન્ટર (સામુદાયિક કેન્દ્ર) અને તેનાથી આપણાં સમુદાયને કેવી રીતે લાભ થશે તે અંગે ચર્ચા કરવા જાહેર બેઠક યોજશે. જાહેર જનતાને ઇમારતની મુલાકાત લેવા, પ્રોજેક્ટ વિશે શહેરના કર્મચારીગણ સાથે વાત કરવા, અને બ્રામ્પટનના નવાનક્કોર રિક્રિએશન સેન્ટર (મનોરંજન કેન્દ્ર) અને કન્ઝર્વેશન એરિયા (સાચવણી વિસ્તાર) માટેની યોજનાઓ અંગે વધુ માહિતી મેળવવાનું આમંત્રણ આપવામાં આવે છે.

જાહેર બેઠક ગુરુવાર, ફેબ્રુઆરી 15 નાં રોજ બપોરે 1-3 વાગ્યે અને સાંજે 6-8 વાગ્યા વચ્ચેના સમયમાં મળશે. બે સત્રો આ સરનામે યોજાશેઃ The Riverstone Clubhouse, 150 Don Minaker Drive (near McVean Drive and Queen Street East). (રિવરસ્ટોન ક્લબહાઉસ, 150 ડોન મિનાકર ડ્રાઇવ (મૅકવીન ડ્રાઇવ અને ક્વીન સ્ટ્રીટ ઇસ્ટ પાસે).

નવીનીકરણ કરેલું કમ્યુનિટી સેન્ટર ફિટનેસ રૂમો, મલ્ટી-પરપઝ (બહુવિધ-હેતુઓ માટેના) રૂમો, અને થેરાપ્યુટિક (રોગનિવારક) પૂલ સાથે અદ્યતન એક્વેટિક્સ (જળક્રીડા) સગવડ પૂરી પાડશે. તમામ ઉંમરના રહેવાસીઓને કેન્દ્રનો આનંદ લેવા આવકારવામાં આવશે ત્યારે, વરિષ્ઠ લોકો માટેના કાર્યક્રમો પર ભાર મૂકવાથી બ્રામ્પટનની પૂર્વ બાજુએ વયોવૃદ્ધ લોકોની વસ્તીને ટેકો આપવામાં મદદ મળશે. વૅલી લૅન્ડ્સને (ભૂતપૂર્વ ગોલ્ફ કોર્સને) અપનાવીને નવો કન્ઝર્વેશન એરિયા બનાવવામાં આવશે. આનાથી સ્થાનિક વન્યજીવન માટે મહત્વનો આવાસ સચવાશે, અને સક્રિય જીવનને પ્રોત્સાહિત કરવા કનેક્ટેડ ટ્રેઇલ સિસ્ટમ (સમન્વિત પગેરું તંત્ર) પૂરું પાડી શકાશે.

ઉદ્યાનો અને રિક્રિએશન માસ્ટર પ્લાન વિકસાવતી વખતે બ્રામ્પટન રહેવાસીઓ, સામુદાયિક જૂથો, ધંધાઓ સાથે વ્યાપક સલાહ-મસલતના આધારે રિવરસાઇડ ક્લબહાઉસ અને આસપાસની જમીનો ખરીદવામાં આવી હતી. નવી સગવડ બનાવવાને બદલે પહેલેથી હયાત સગવડનું નવીનીકરણ કરીને, શહેર લાખો ડોલર્સ અને વર્ષોનો બાંધકામ સમય બચાવશે.

આ કમ્યુનિટી સેન્ટર અને કન્ઝર્વેશન એરિયાનો ઉમેરો કરવાથી મનોરંજન સેવાઓ સુધીની પહોંચ સુધરશે અને સ્થાનિક રહેવાસીઓ માટે આરોગ્યપ્રદ, સક્રિય જીવનશૈલીને ટેકો મળશે.

નવું રિક્રિએશન સેન્ટર જાહેર જનતા માટે વર્ષ 2019 ની વસંતઋતુમાં ખુલ્લું મૂકવામાં આવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. વધુ માહિતી અને પ્રોજેક્ટ સંબંધિત અદ્યતન માહિતી માટે, વેબસાઇટ જુઓઃ www.brampton.ca/riverstone.

-30-

**બ્રામ્પટનમાં મોટા પાયે ફેરફારો થઇ રહ્યાં છે.** આપણે વેધક ધ્યાન કેન્દ્રિત કરતા ભવિષ્ય માટે તૈયાર સંસ્થા છીએ. આપણે આપણાં સમુદાયની વૃદ્ધિ જાણીએ છીએ, જુવાની અને વિવિધતા આપણને અલગ અલગ કરે છે. આપણે કેનેડાના નવીન શોધ કરતા સુપર કોરિડોરના કેન્દ્રમાં સ્થિત, રોકાણ પ્રોત્સાહક અને આપણી વૈશ્વિક સફળતા વિકસાવનાર છીએ. આપણે કંપાયમાન શહેરી કેન્દ્રો વિકસાવીએ છીએ જે તક પ્રજ્વલિત કરે છે અને અહીં રહેતા અને કાર્યરત લોકોમાં ગૌરવ રેડીએ છીએ. આપણે બ્રામ્પટનને આગળ વધારી રહ્યાં છીએ જે તેને નવીનતમ, સર્વગ્રાહી અને જુસ્સામય શહેર બનાવે. અમને Twitter અને Facebook પર અનુસરો. www.brampton.ca પર વધુ માહિતી જાણો.

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
બ્રાયન સ્ટિટલ (Brian Stittle)
સીનિયર મીડિયા કોર્ડિનેટર (Sr. Media Coordinator)
સીટી ઓફ બ્રામ્પટન (City of Brampton)
905.874.2143 | brian.stittle@brampton.ca